PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર


રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com


નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૩/કવા–૦૪/૧૫–૧૬ / 3526 તા. 16/04/15

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
છુછર લખમણ ભીમા આહેર,
તા. કલ્યાણપુર,
જી: દેવભુમી દ્વારકા

વિષય :–વીજબીલ બાબત

સંદર્ભ:– આપની અરજી , તા. ૧૧–૦૩–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર : ૭૩/કવા–૦૪/૧૫–૧૬)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 02 )

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, જામ ખંભાળીયા
(૩) નાયબ ઈજનેર શ્રી , પીજીવીસીએલ ,પેટા વિભાગીય કચેરી,વડત્રા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No:- 06 [A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**કેસ નં. : સીજીઆરએફ : ૭૭/કવા–૦૪/૧૫–૧૬** **કમિટિ મીટીંગ તા.૧૬–૦૪–૧૬** **સ્થળ :–જામખંભાળીયા**

## પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

**અરજદાર (ફરીયાદી) : નામ: છુછર લખમણ ભીમા આહેર, ગામ: મેઘપર (ટીટોડી)**

**રજુઆત કરનાર : અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે તેમના પુત્ર શ્રી રાયદે લખમણ છુછર હાજર રહેલ હતા.**

## વિરૂધ્ધ

## પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી,વડત્રા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)**

**રજુઆત કરનાર : ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર કે.એ.કરમુર, વિભાગીય કચેરી, જામ ખંભાળીયા**

---

## : હુકમ:

## ફરીયાદ : વીજબીલ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

**૧.૧** અરજદાર જણાવે છે કે, તેઓના ગામ મેઘપર ટીટોડી ખાતે આવેલ, ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૮૯૮૩/૦૦૦૮૪/૮ મા, વર્ષ ૨૦૦૬ મા, ટ્રેકટર દ્રારા ઠોકર મરાતા, ઘરવપરાશ વીજજોડાણ ની સર્વિસ તેમજ મીટર બળી ગયેલ હતા. જેથી, તેઓએ તા.૦૪–૦૫–૨૦૦૬ ના રોજ સદર મીટર તથા સર્વિસ બદલાવવા માટે ની અરજી પીજીવીસીએલ મા આપેલ હતી. જેથી, પીજીવીસીએલ તરફથી તેઓનુ બળેલ મીટર તથા સર્વિસ ઉતારવામા આવેલ હતુ. પરંતુ, નવુ મીટર તથા સર્વિસ વાયર, આજદિન સુધી લગાડી અને જોડાણ નો પાવર સપ્લાય ચાલુ કરાયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) પક્ષકાર ની રજુઆત**

**૨.૧** અરજદારે, અગાઉ પીજીવીસીએલ ની સબંધક કચેરી મા, માર્ચ–૧૬ પહેલાના ૦૨ માસ પહેલા, અગાઉ પીજીવીસીએલ મા અને હાલ, મુદદા નં.૧.૧ મુજબ ની વિગતે ફોરમ સમક્ષ નોંધાવેલ ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી કચેરી ના રેકર્ડ મા તપાસ કરતા, અરજદાર ના ગામ મેઘપર ટીટોડી ખાતે આવેલ, ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૮૯૮૩/૦૦૦૮૪/૮ નુ, મીટર તેમજ સર્વિસ – "જે અરજદાર ના જણાવ્યા મુજબ ની વિગતે નુ, વર્ષ ૨૦૦૬ મા, ટ્રેકટર દ્રારા ઠોકર મરાતા, ઘરવપરાશ વીજજોડાણ ની સર્વિસ તેમજ મીટર બળી ગયેલ હોય, અને પીજીવીસીએલ મા તેઓએ તા.૦૪–૦૫–૨૦૦૬ ના રોજ સદર મીટર તથા સર્વિસ બદલાવવા માટે ની અરજી આપેલ હોવા બાબતે ના કારણ વાળુ મીટર અને સર્વિસ વાયર" – જે ખરેખર પીજીવીસીએલ ની કચેરી ના રેકર્ડ મા જમા આવેલ નથી. તે બાબત ની પીજીવીસીએલ કક્ષાની સબંધક કચેરી ને પૂર્તતા થયેલ હતી. આ પૂર્તતા રેકર્ડ આધારીત છે. જેથી, પીજીવીસીએલ ના સબંધક કચેરી તરફથી અરજદાર શ્રી ને, તા.૨૯–૦૩–૧૬ ના રોજ નો પત્ર ક્રમાક: ૨૦૮૯ પાઠવી અને "તેમના જોડાણ ના સ્થાપન પર નુ વીજમીટર તેમજ સર્વિસ વાયર " જે સ્થળ પર થી ગુમ થયેલ હોવા બાબતે ની, નજીક ના પોલીસ સ્ટેશન મા ફરીયાદ નોંધાવી, અને તે પોલીસ ફરીયાદ ની નકલ, જે પીજીવીસીએલ ના સબંધક કચેરી મા રજુ કરી આપવાથી, અરજદાર શ્રી ના સદર જોડાણ નુ મીટર તેમજ સર્વિસ વાયર, જે અરજદાર ના સ્થાપન પર લગાડી, અને અરજદાર ને તેમની માંગણી મુજબ નુ ઘરવપરાશ વીજજોડાણ પુનઃ ચાલુ કરી આપવામા આવશે, તે મુજબ ની અરજદાર ને જાણકારી આપેલ હોવા છતા, આજદિન સુધી અરજદારે આ મુજબ ની પોલીસ ફરીયાદ ની નકલ પીજીવીસીએલ ની કચેરી મા રજુ કરેલ ન હોવાના કારણોસર, અરજદાર ના સ્થાપન પર નુ સદર મીટર અને સર્વિસ લગાડી અને ઘરવપરાશ વીજજોડાણ નો વીજપુરવઠો ચાલુ કરાયેલ નથી. આ બાબત, જે પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ નામદાર જીઈઆરસી ના ધારાધોરણ એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ (રીવાઇઝ સપ્લાય કોડ) ના મુદદા નં. ૬.૮૫ મા કરાયેલ જોગવાઈ મુજબ ની જ હોય યોગ્ય છે.

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

**૩.૧** ફરીયાદી અરજદાર શ્રી છુછર લખમણ ભીમા આહેર ના ઘરવપરાશ વીજજોડાણ નં.:૮૮૯૮૩/૦૦૦૮૪/૮ નુ, મીટર તેમજ સર્વિસ વાયર, પીજીવીસીએલ તરફથી જમા લીધેલ હોય, જેથી, અરજદારે પીજીવીસીએલ મા તા.૦૪–૦૫–૨૦૦૬ ના રોજ અરજી આપી અને તેમના જોડાણ નુ મીટર તેમજ સર્વિસ વાયર, પીજીવીસીએલ ની સબંધક કચેરી ને લગાડી આપવાની માંગણી કરેલ હતી. પરંતુ, અરજદાર શ્રી ની આ માંગણીના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, ફોરમ સમક્ષ રજુ થયેલ સ્પષ્ટતાઓ મુજબ, પીજીવીસીએલ ની સબંધક કચેરી ના રેકર્ડ મા ખરેખર સદર મીટર ને સર્વિસ વાયર જમા થયેલ ન હોવા બાબત ની પીજીવીસીએલ પક્ષકાર ને રેકર્ડ આધારીત પૂર્તતા મળેલ છે.

**૩.૨** આમ, ''અરજદારશ્રીના જોડાણ ના સ્થાપન પર નુ વીજમીટર તેમજ સર્વિસ વાયર '' જે સ્થળ પર થી ગુમ થયેલ હોવા બાબત, જે પીજીવીસીએલ પક્ષકાર ને જણાયેલ છે. વીજ જોડાણ ના સ્થાપન પર ની વીજ કંપની ની મીલકત અન્વયે ના સાધનો ગુમ થયા હોવા બાબતે ના કેઈસો મા – પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ (રીવાઇઝ સપ્લાય કોડ) ના મુદ્દા નં. ૬.૪૫ મા કરાયેલ જોગવાઈ મુજબ – જેથી, સદર બાબતે ના, મીટર તેમજ સર્વિસ વાયર ગુમ થયેલ હોય, તેવા કારણોવાળા, જોડાણ ના ઉપભોકતા એવા વિજ ગ્રાહકે, નજીક ના પોલીસ સ્ટેશન મા ફરીયાદ નોધાવી, અને તે પોલીસ ફરીયાદ ની નકલ, જે પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ કરવી જરૂરી છે. ફરીયાદી અરજદારે આજદિન સુધી આ મુજબ ની પોલીસ ફરીયાદ ની નકલ પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ કરેલ નથી. જેથી, અરજદાર શ્રી તરફથી, સદર પોલીસ ફરીયાદ ની નકલ, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ થયા બાદ જ, પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા, અરજદાર શ્રી ના સદર જોડાણ નુ મીટર તેમજ સર્વિસ વાયર, જે અરજદાર ના સ્થાપન પર લગાડી, અને અરજદાર ને તેમની માંગણી મુજબ નુ ઘરવપરાશ વીજજોડાણ પુનઃ ચાલુ કરી અને અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવશે. આ બાબત નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની હોય, સદર કેઈસ મા પીજીવીસીએલ પક્ષકાર ની સદર કાર્યવાહી યોગ્ય હોવાનો, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**મુદ્દા નં.–૪ :**

## હુકમ

**૪.૧** સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ ના સ્થાપન પર ગુમ થયેલ મીટર તેમજ સર્વિસ વાયર સબંધક પોલીસ ફરીયાદ, જે ફરીયાદી અરજદાર અને ગ્રાહક શ્રી તરફથી, પોલીસ સ્ટેશન મા નોધાવ્યા બાદ, સદર પોલીસ ફરીયાદ ની નકલ, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ થયા બાદ જ, પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા, અરજદાર શ્રી ના સદર જોડાણ નુ મીટર તેમજ સર્વિસ વાયર, જે અરજદાર ના સ્થાપન પર લગાડી, અને અરજદાર ને તેમની માંગણી મુજબ નુ ઘરવપરાશ વીજજોડાણ પુનઃ ચાલુ કરી અને અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવશે. આ બાબત નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની હોય, સદર કેઈસ મા તે મુજબ ની જાણકારી, ખાસ કરીને અરજદાર તેમજ પીજીવીસીએલ એમ બન્ને પક્ષકારો ને આપવામા આવે છે.

(કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એમ.એન. ઓઝા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..